## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આમ તો હાડકું ચોટી જ ગયું છે પણ ડોક્ટર સાહેબે કહ્યું કે તેની જાહેરાત વાળો પાટો એક મહિનો પહેરીશ તો બીલમાં દશ ટકા ડિસ્કાઉન્ટ મળશે...!!





એવું નથી કે મહાનગરપાલિકા દ્વારા શહેરના રાજમાર્ગો પર વિચરતી ગાયોના કારણે ટ્રાફિકમાં અડચણ અને અકસ્માતના સર્જાતા જોખમ જેવી સમસ્યાથી અજાણ છે બલ્કે મનમાની ઢોર પકડ પાર્ટી આ માટે પેટ્રોલીંગ કરતી જોવા મળે છે જે રખડતી ગાયોને પકડી પાંજરે પુરવાનુ કામ કરે છે પરંતુ શહેરના પશુ-પાલકો જેઓ જાણે જોઈને તેમની ગાયો ચરવા માટે જાહેરમાં ખુલ્લી છોડી મુકે છે તેઓ આ ઢોર પકડ પાર્ટીના કામગીરીમાં દખલ પણ ઉભી કરે છે. આ પશુપાલકો જ્યારે ઢોર પકડ પાર્ટી ગાયો પકડવા આવે ત્યારે મોટરસાયકલ પર આગળ જઈને ગાયોને હાંકી મુકી છે જેથી તંત્રનો કાફલો ગાયો પકડવામાં સફળ થતો નથી. આ માટે પશુપાલકો ટ્રાફિકના નિયમોનો પણ રીતસર ભંગ કરી હેલ્મેટ વગર ત્રણ ત્રણ સવારી મોટરસાયકલો દોડાવે છે અને ઘણીવાર તો પોતાની ગાયોને પકડાતી બચાવવા રોંગ સાઈડમાં ડ્રાઈવ કરીને જોખમ પણ ઉભી કરે છે.




મોદી સરકારમાં ગત વખતે ગૃહરાજ્યમંત્રી રહી ચુકેલા કિરણ રિજ્જુને આ વખતે યુવા, સાંસ્કૃતિક અને રમતગમત મંત્રી બનાવાયા છે, તે નાતે તેઓ નેહરૂ યુવા કેન્દ્રના અધ્યક્ષ પણ બન્યાં છે. ગત શનિવારે જ્યારે કિરણ રિજ્જુએ ગાંધીનગર ખાતેના સાઈ સંકુલની મુલાકાત લીધી ત્યારે નેહરુ યુવા કેન્દ્રના ગાંધીનગર જિલ્લાના યુથ કોઓર્ડિનેટર રજનીકાંત સુથારે તેમનું પુષ્પગુચ્છ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી સ્વાગત કર્યુ હતુ.

# અમદાવાદમાં તબીબી શિક્ષકોની મહારેલીમાં પાટનગરની મેડીકલ કોલેજના તબીબો જોડાશે

ગાંધીનગર, તા. ૧૭

જીએમઈઆરએસ ફેકલ્ટી એસોસિએશન દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા આજદિન સુધી કેટલીક સમસ્યાઓનો સંતોષકારક ઉકેલ નહી આવતા જીએમઈઆરએસના એસોસિએશનના તમામ સભ્યો ગાંધી ચિંધ્યામાર્ગે કાળીપટ્ટી ધારણ કરીને અમદાવાદ ખાતે આગામી તા. ૨૦ જુલાઈના રોજ અમદાવાદ ખાતે યોજાનાર રાજયના તબીબી શિક્ષકોની મહારેલીમાં ભાગ લેશે. આ મહારેલીમાં તબીબી શિક્ષકો કાળીપટ્ટી ધારણ કરીને વિરોધ પ્રદર્શન કરશે. તેમ છતા તબીબી શિક્ષકોના પ્રશ્નોના ન્યાયીક ઉલેક નહીં આવે તો તા. ૧-૮-૧૯ થી સમગ્ર રાજયની મેડીકલ કોલેજની સાથે જીએમઈઆરએસના તબીબી શિક્ષકો પણ જોડાશે.

ગુજરાતની તમામ સરકારી અને મ્યુનિસિપલ તબીબી કોલેજના તબીબી શિક્ષકો સાથે જીએમઈઆરએસની આઠ કોલેજના તમામ તબીબો અમદાવાદ ખાતે કાળી પટ્ટી ધારણ કરી ધરણા અને મહારેલી યોજશે. જીએમઈઆરએસમાં ફરજ બજાવતા ફેકલ્ટી એસોસિએશનની માંગણીઓમાં સોસાયટીમાં ફરજ બજાવતા તબીબી શિક્ષકોને તા. ૧-૧-૧૬ થી યુજીસી-સીપીસી ધોરણે ૭ માં પગારપંચનો લાભ આપવો, વર્ષ ૨૦૧૦-૨૦૧૪ સુધી નિમણુંક પામેલા તબીબી શિક્ષકોને નિયમિત મળવાપાત્ર લાભો આપવા, તબીબી શિક્ષકોને કેન્દ્ર સરકારના નિયમ અનુસાર એનપીએ આપવું, ઉચ્ચતર પગાર ધોરણ અને ડીપાર્ટમેન્ટલ પ્રમોશન આપવું, સોસાયટીના તબીબી શિક્ષકોને પેન્શન કે નિવૃતિના લાભો મળતા નથી, તો સરકારના નિયમ મુજબ સીપીએફ શરુ કરવું, ગ્રેજ્યુટી, જુથ વિમો, એલટીસી, તબીબી ભથ્થું, તબીબી સારવારનો ખર્ચ મળી રહે તે માટે યોગ્ય કરવું, મેડીકલ કોલેજ ખાતે કરેલી નોકરીને સરકારી ગણી ત્રણ વર્ષ પછી બોન્ડમાંથી મુકિત આપવી સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.



## રખડતી ગાયો પાંજરે પુરવા ''પોલીસ પાર્ટી'' સાથે હલ્લાબોલ

ગાંધીનગરમાં રખડતી ગાયોની સમસ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. આ સમસ્યાને અંકુશમાં લેવા મહાનગરપાલિકાની ઢોર પકડ પાર્ટી દ્વારા પોલીસ કાફલા સાથે હલ્લાબોલ કરવામાં આવ્યું હતું ત્યારે શહેરના રહેણાંક વિસ્તારોમાં કુતુહલ સર્જાયુ હતુ. જેને નિહાળવા રહીશો પણ ઘરની બહાર આવી ગયા હતા.

# ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ તરીકે અમિત પારેખની વરણી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજયમાં એનએસયુઆઈમાં ખુબ જ સરસ



કામગીરી કરેલી હોવાથી ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ તરીકે અમિત કમલેશભાઈ પારેખની વરણી કરવામાં આવી છે. ગુજરાત પ્રભારી બીહુલ શર્માજીની મંજુરી અને ગુજરાત પ્રદેશ એનએસયુઆઈ પ્રમુખ મહિપાલસિંહ ગઢવીએ અમિત પારેખની કામગીરીને અનુલક્ષી ગાંધીનગર જિલ્લાના જવાબદારી સોંપી છે. ઉલ્લેખનીય છે કે અમિત પારેખ એનએસયુઆઈ પાટણ જિલ્લાના પ્રભારી અને ગુજરાત પ્રદેશ એનએસયુઆઈમાં મહામંત્રી તરીકે પણ સેવા બજાવી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં એનએસયુઆઈનું સંગઠન વધુ મજબુત બને તેમજ રચનાત્મક અને આંદોલનાત્મક કાર્યો કરવામાં આવે અને વધુમાં વધુ નવયુવાનોને એનએસયુઆઈની વિચારધારા સાથે જોડવામાં આવે તેવી શુભકામના પાઠવવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાના કાર્યકારી એનએસયુઆઈના પ્રમુખ તરીકે અમિત પારેખની વરણીને પગલે જિલ્લાના નવ યુવાનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરોએ ફોન કરીને અમિત પારેખને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.



શહેરના યુવાનો હરદીપસિંહ જાડેજા, પ્રિયંક ઠક્કર, મિતાંગી વાઘેલા અને ઊર્વી દ્વારા સરકારી શાળાની ધો-૧૧/૧૨ની વિદ્યાર્થીનીઓને ડિસેકશન બોકસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પારદર્શક ભરતી નીતિનું પાલન કરો નહિ તો ઉપવાસ આંદોલન કરવુ પડશે : પિન્કીબેન

ગાંધીનગર મહાનગર પાલિકાની ભરતીમાં મામકાવાદની નીતિ અંગે કોંગ્રેસના કાઉન્સીલર પીન્કીબેન પટેલે ઉપવાસ આંદોલન કરવાની ચીમકી આપી છે. આજે ગાંધીનગર મનપાના કમિશ્નરને લખેલા પત્રમાં પારદર્શનક ભરતી નહિ થતી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. અગાઉ સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે પણ આ વિશે લેખિતમાં રજુઆત કરી ચુક્યા છે ત્યારે નવા વિવાદે પાટનગરના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા હાલમાં જે ૧૨૬ કર્મચારીઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, તેમાં ક્વાલીફાઈડ કર્મચારીઓની ભરતી થાય તે બાબતે જીટીયુ (ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી) દ્વારા પરીક્ષા લેવામાં આવેલ હતી અને જીટીયુ દ્વારા ત્યારબાદ ફાઈનલ મેરીટ લીસ્ટ પણ ગાંધીનગર મહાનગરપાલિકાને આપવામાં આવેલ છે. જેમાં ફાઈનલ મેરીટ લીસ્ટ જાહેર નોટીસ બોર્ડ પર મુકવાની માંગણી અમો દ્વારા આ અગાઉના પત્ર તા. ૨૬-૪-૨૦૧૮માં માંગણી કરેલ હતી. તેમ છતાં આજદિન સુધી ક્વાલીફાઈડ સ્કીલ માણસોનુ લીસ્ટ જીટીયુ દ્વારા આપવામાં આવેલ હોવા છતાં શા માટે આ પ્રક્રિયાને જાહેર કરવાની જગ્યાએ ભ્રષ્ટ્રાચાર કરવાનો આશય હોય તેમ બધુ ગુપ્ત થઈ રહ્યુ છે. જેમાં કંઈક ખોટુ થઈ રહ્યુ હોય તેવી અમોને ગંધ આવે છે. તો આ બાબતે જો આ પ્રક્રિયાને તાત્કાલિક જાહેર નોટીસ બોર્ડમાં મુકીને આગળની કાર્યવાહી કરવા આપને અમારી નમ્ર અરજ છે. જો આ પત્ર મળ્યા બાદ પણ જો વ્હાલાદવલાની નીતિ રાખી ભરતી પ્રક્રિયા પુર્ણ કરવામાં આવશે તો અમો ન્યાયીક રીતે તપાસ માટે જઈશુ તો આ બાબતને ગંભીરતાથી લેવા વિનંતી છે.

ખાનગીમાં જ ઉમેદવારોને બારોબાર ઓર્ડર આપવામાં આવશે અને ગેરકાયદેસર ભરતી પ્રક્રિયા કરવામાં આવશે તો અમો દ્વારા ક્વાલીફાઈડ ઉમેદવારોને થતા અન્યાય સામે કમિશનરશ્રી આપની ઓફીસ સામે ઉપવાસ બેશીસુ અને જો તેમ કરતા પણ ન્યાય નહી મળે તો અમો ન્યાયપાલિકામાં કાયદેસરની કાર્યવાહી કરતા પણ અચકાઈશુ નહી.



શહેરના ઘ-૦ થી રીલાયન્સ ચોકડી તરફના માર્ગ પર ડીએઆઈઆઈસીટી પાસે ગત મોડી સાંજે અલ્ટો કારની ઓવર ટેક કરવા જતી કાર પાસે અચાનક બાઈક ચાલક આવી જતા કારના ચાલકે કાબુ ગુમાવતા અન્ય કારને પાછળથી ટક્કર મારી હતી. જેને પગલે કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી. જો કે આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી માત્ર શરીરે સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે મોડી સાંજે થયેલા અકસ્માતને પગલે નગરજનોના ટોળા અકસ્માત જોવા માટે ઉમટ્યા હતા.

# યુવા પત્રકાર શૈલેષ હરસિદ્ધિયાના આકસ્મિક નિધનથી અખબારી આલમમાં શોકનું મોજુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના માર્કેટ પ્લસ અખબારના મનિષભાઈ હરસિદ્ધિયાના લઘુબંધુ તથા માહિતી ખાતાના નિવૃત કર્મચારી મોતીભાઈ હરસિદ્ધિયાના પુત્ર એવા યુવાન અને જોશીલા પત્રકાર શૈલેષ હરસિદ્ધિયાનું ૩૩ વર્ષની વયે આકસ્મિક અવસાન થવા પામ્યુ છે. સ્વ. શૈલેષ હરસિદ્ધિયા તેમના ચુંબકીય વ્યક્તિત્વ તથા નિખાલસ અને સરળ સ્વભાવને કારણે અખબારી આલમમાં સારૂ એવું મિત્રવર્તુળ ધરાવતા હતા. તેઓની અંતિમ યાત્રા આજે તેમના સેકટર-૩-એ પ્લોટ નં. ૮૦/૨ ખાતેના નિવાસસ્થાનેથી સાંજે ૫ કલાકે નિકળી મુક્તિધામ સ્મશાન ખાતે ગઈ હતી જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરાયાં હતા. સ્વ. શૈલેષ હરસિદ્ધિયાના આકસ્મિક નિધનથી સમગ્ર પત્રકાર આલમમાં શોકનું મોજુ પ્રસરી વળ્યું છે. ગાંધીનગર



સમાચાર પરિવારે દિવંગત આત્માની સદ્ગતિ સાથે તેમના કુટુંબીજનો પર આવી પડેલી અણધારી આફતને સહન કરવાની શક્તિ ઈશ્વર આપે તેવી પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી છે.

# સરકારી પ્રાથમિક શાળાઓને કોમ્પ્યુટર દાન આપવા હાકલ

ગાંધીનગર, તા. ૧૭

ભારતના વડાપ્રધાને દેશનો ડીજીટલ ઈન્ડિયા બનાવાનું સપનું સેવ્યું છે ત્યારે ગાંધીનગરની સરકારી શાળાના બાળકો આ ડીજીટલ યુગમાં પાછળ ના રહી જાય તેને ધ્યાને રાખીને આપણું ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર શહેરની સરકારી પ્રાથમિક શાળામાં બેઝીક કોમ્પ્યુટર શીખવવા માટે 'કોમ્પ્યુટર લર્નિંગ ફેસ્ટીવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની ૧૫થી વધારે શાળામાં ગાંધીનગર તથા અમદાવાદની આઈ.ટી. કંપનીના તથા કોમ્પ્યુટરના તજજ્ઞો દ્વારા ધો. ૬, ૭ અને ૮ના અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર પ્રકરણ શીખવવામાં આવે છે.

આ કાર્ય દરમ્યાન સંસ્થાને માહિતી પ્રાપ્ત થઈ કે શાળાના બાળકો ખુબજ ઉત્સાહી તો છે કોમ્પ્યુટર શીખવા માટે પણ ત્યાં એક પણ અમુક શાળાઓમાં તો કોમ્પ્યુટર




જ નથી. ઉપરાંત અમુક શાળામાં કોમ્પ્યુટર બંધ હાલતમાં જોવા મળેલ છે. જો આ સ્થિતિ રહેશે તો વડાપ્રધાનનુ ડીજીટલ ઈન્ડિયા બનવાનું સપનું રોળાઈ જવાની પુરી દહેશત રહેલી છે.

આપણું ફાઉન્ડેશન દ્વારા દાતાઓને જાહેર વિનંતી કરવામાં આવી છે કે 'આપણી આ સરકારી શાળાના ઉજ્જવળ ભવિષ્ય માટે સહભાગી બની અને કોમ્પ્યુટરનું દાન જેમાં જુના ચાલુ હાલતમાં હોય તેવા કોમ્પ્યુટર અથવા તો નવા કોમ્પ્યુટર આપી સેવાના કાર્યમાં સહભાગી થવા ઈચ્છતા હોય તે આપણું ફાઉન્ડેશનના મો. ૯૧૫૭૧૫૮૧૫૮ નંબર પર સંપર્ક કરવો. આ કાર્યની શરૂઆત જીઈબી કોલોની પ્રાથમિક શાળા માટે જિજ્ઞેશ પટેલ દ્વારા કોમ્પ્યુટર દાનમાં આપી કરવામાં આવી છે.



## બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો દ્વારા ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરાઈ

ગુરૂ પૂર્ણિમાના પાવન પર્વે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ સાધુ-સંતોના ચરણ સ્પર્શ કરી આશિર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. કાર્યકરોએ બાલયોગની શ્રી ગીતાદીદી રામાયણી તેમજ માણસાના અજરાપુરા ગામે સંત શ્રી ૧૦૦૮ સોમનાથ બાપુની સમાધિના દર્શન કરી ગાદીપતિ મહંતશ્રીની પૂજા કરી ગુરૂપૂર્ણિમાના દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે જિલ્લા બજરંગદળના પ્રમુખ શકિતસિંહ ઝાલા, ગાં.જી.સત્સંગ પ્રમુખ જીવરાજ ઠાકોર, ભુપેન્દ્ર રાવ, સુરેન્દ્રસિંહ વાઘેલા સહિત અનેક કાર્યકરોએ સાધુ સંતોના દર્શનનો લાભ લીધો હતો

# લોકોની જરૂરિયાતને ઉચ્ચ પ્રાથમિકતા : નીતિન પટેલ

ગાંધીનગર,તા.૧૭

નાયબ મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજયની વિકાસયાત્રામાં માર્ગ-મકાન વિભાગનો સિંહફાળો રહ્યો છે. ત્યારે આ વિકાસયાત્રાને વધુ વેગ મળે એ માટે નાગરિકોની જરૂરીયાતોને પ્રાધાન્ય આપીને રસ્તાઓ, પુલો અને આંતરમાળખાકીય સવલતોનું નિર્માણ કરાશે. આજે વિધાનસભા ખાતે માર્ગ-મકાન વિભાગની ૧૦૦૫૮.૪૦ કરોડની અંદાજપત્રીય માંગણીઓ રજુ કરતાં નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દુરંદેશી આયોજનના પરિણામે ગુજરાત રસ્તા, પુલો અને માળખાકીય સવલતો ક્ષેત્રે દેશમાં નમુનારૂપ ગણાય છે એતે આગળ વધારવા માટે રાજ્ય સરકારે સતત પ્રયાસો કરીને માળખાગત સવલતોનું નિર્માણ પણ કર્યુ છે. પટેલે ઉમેર્યુ કે, રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોને વધુ સમૃધ્ધ બનાવવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના જાહેર કરી છે જે હેઠળ ૩૪૦૦૦ ગામો અને પરાઓને આવરી લેવાશે. આ યોજના હેઠળ ત્રણ વર્ષમાં ૧૦૨૪૩ કરોડ મંજૂર કરાયા છે આ માટે વર્ષ ૨૦૧૯-૨૦ માં ૨૫૬૯.૪૧ કરોડની જોગવાઈ પણ કરાઈ છે. આ યોજના હેઠળ રાજ્યમાં ૬૯૫૦ કરોડના ૧૯૬૩૦ કિ.મી. લંબાઈના ૭૩૧૬ રસ્તાના કામો પૂર્ણ કરાયા છે અને ૪૩૯૫ કરોડના ૧૦૨૫૫ કિ.મી. લંબાઈના ૩૯૦૮ રસ્તાના કામો પ્રગતિમાં છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, પ્રતિ વર્ષ રસ્તાઓની સપાટી સુધારણા, મજબુતીકરણ અને પહોળા કરવાની કામગીરી રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે.

ગુજરાત સરકાર

**મહેસુલ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર

**જાહેરનામું**

**જમીન ંસપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

ગામ : જોરણંગ, તા.જિ. મહેસાણા
ક્રમાંક : જ.સં./રા.ધો./વ.કે.નં.૫/૧૮
નં. અમ-૨૦૧૯-૩૬૫-મ-જમહ-૧૪૧૯-૧૦૭૩-ઘ
તા. ૨૦/૬/૨૦૧૯નું મહેસુલ વિભાગ, ગાંધીનગરનું જાહેરનામું

આ સાથેની અનુસુચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ડી.એફ.સી.સી. યોજના હેઠળ રેલ્વે ઓવરબ્રીજના બાંધકામ માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. તેથી (જમીનંસપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે.) તેની કલમ-૨ (૧) અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેકટના હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ યોજનાની ડી.એફ.સી.સી. યોજના હેઠળ રેલ્વે ઓવરબ્રીજના બાંધકામ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર ૨૫૨.૦૦ ચો.મી. છે અને મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકાના જોરણંગ ગામની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે ઉક્ત આંતરમાળાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૨૫૨.૦૦ ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરમ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિનિયમ, ૨૦૧૩) (ગુજરાત અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-૧૨ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હીતમાં ડી.એફ.સી.સી. યોજના હેઠળ રેલ્વે ઓવરબ્રીજના બાંધકામ માટે આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ ૨૫૨.૦૦ ચો.મી. જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસુચિ**

**જિલ્લો : મહેસાણા** **તાલુકો : મહેસાણા** **ગામ : જોરણંગ**

**કેસ નં. ૫/૧૮**

| બ્લોક/ સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | જે માટે જમીનો જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|
| ૧૩૦૮ (૯૮૧ પૈકી) | ૨૩૬.૦૦ | ડી.એફ.સી.સી. યોજના હેઠળ રેલ્વે ઓવરબ્રીજના બાંધકામ માટે |
| ૧૩૦૨ (૯૭૦) | ૧૬.૦૦ | |
| કુલ-૨ | ૨૫૨.૦૦ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ. જે. રાઠોડ)
ઉપસચિવ (જ.સં.)
મહેસુલ વિભાગ, ગાંધીનગર

ક્રમાંકઃ નામાનિ/મહે/૧૩૩/૧૯-૨૦